**નગરપાલિકાઓમાં રોજમદારોની નિમણૂંક બાબત.**

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : **મકમ-૧૦૯૯-૩૯૯૬**-આર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૭/૧૦/૧૯૯૯.

<u>વંચાણે લીધા :-</u>

➤ પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગનો તા.૧૨-૬-૭૮ નો પરિપત્ર ક્રમાંક : નપમ-૧૧૭૮-૩૮૨૭-ક્યુ.

<u>-:: પ રિ પ ત્ર ::-</u>

પંચાયત, ગૃહનિર્માણ અને **શહેરી વિકાસ** વિભાગના સંદર્ભમાં જણાવેલ તા.૧૨-૬-૭૮ ના પરિપત્રથી **નગરપાલિકાઓ**ના મંજૂર થયેલ ગ્યાના ૧૦ ટકાથી વધે નહી તેટલી જગ્યાઓ ટૂંકી **મુદત અને હંગામી** ધોરણે ખાસ જરુર જણાય તો ઉપસ્થિત કરવા સૂચનાઓ બહાર **પાડવામાં આવેલ** છે. આ સૂચનાઓનો ચુસ્ત રીતે નગરપાલિકાઓ દ્વરા **અમલ કરવામાં આવતો ના હોઈ** આ પરિપત્રની સૂચનાઓ રદ કરીને તેના સ્થાને **નવીસૂચનાઓબહાર** પાડવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) ફકત ચોથા વર્ગના કર્મચારીઓના સંવર્ગમાં **૧૦ ટકા** વધારે રોજમદરો જરુરજણતાયે રાખી શકાશે. આવા રોજમદાર ૨૯ દિવસથી વધકારે સમય માટે ચાલુ ન રાખવા, અને તેના એ જ રોજમદારોને એ જ જગ્યા ઉપર પનઃ નિમણૂંક ન આપવી. આ અંગેનો અમલ આ પરિપત્ર રવાના થયાની તારીખથી અમલમાં આવશે.

(૨) અન્ય સંવર્ગ એટલે કે વર્ગ-૩ અને વર્ગ-૨ ના સંવર્ગ પૈકી કોઈ જગ્યા માટેની સેવાની આવશ્યકતા જણાયે કરારના ધોરણે સેવાઓ લઈ કામગીરી પૂરી કરાવવી.

(૩) નગરપાલિકા નિયામકશ્રી, **પ્રાદેશિક** નગરપાલિકા નિયામકશ્રીની મંજૂરી વગર જે જગ્યાઓ ભરવમાં આવી હોય તની સમીક્ષાકરી ગુજરાત નગરપાલિકા અધિમનિયમ, **૧૯૬૩ ની કલમ-૨૬૦** ની જોગવાઈ ધ્યાને લઈને આવી જગ્યાઓ કમી **કરવા જરુરી** કાર્યવાહી કરવી.

આ સૂચનાઓના ચુસ્તપણે અમલ કરવાની જવાબદારી નગરપાલિકાના મુખ્ય અધિકારીની રહેશે. મુખ્ય અધિકારીઓએ કેલેન્ડરના ત્રણ મહિના પુરા થયા બાદ બીજા મહિનાની તા. ૧૦મી સુધીમાં રાખેલ રોજમદારો અને કરારના ધોરણે રાખેલ કર્મચારીઓની માહિતી નિયામક / પ્રાદેશિક નિયામકને મોકલવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(બી. આર. પટણી)
ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ
- તમામ જીલ્લા કલેક્ટરશ્રી,
- તમામ નગરપાલિકાઓના પ્રમુખશ્રી/મુખ્ય અધિકારીશ્રી.
- નિયામકશ્રી નગરપાલિકા, ગુજરાત રાજ્ય, ~~અમદાવાદ~~ ગાંધીનગર
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકા, ગુજરાત રાજ્ય, રાજકોટ.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (શ...) ના અંગત સચિવશ્રી
- તમામ શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઈલ.